| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૦/૦૬/૨૦૨૦ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૯૯૫/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૭૨૪ | ૩૫ | ૮૭૫૯ | ૧૪૮૨૧ | ૧૮ | ૧૪૮૩૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૩૭ | ૦ | ૪૨૩૭ | ૫૭૫૦ | ૦ | ૫૭૫૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૩ | ૧ | ૩૪ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૦૦૩ | ૧૫૩ | ૮૧૫૬ | ૯૦૨૭ | ૧૪૨ | ૯૧૬૯ |
| કુલ | | ૨૦૯૯૭ | ૧૮૯ | ૨૧૧૮૬ | ૨૯૭૯૭ | ૧૬૦ | ૨૯૯૫૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૨૨ | ૧,૫૨,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૯૦ | ૬,૩૮,૦૦૦/- |

# કોરોના વાયરસ સંક્રમણ નિયંત્રણ સંદર્ભમાં રાખવામાં આવેલ બંદોબસ્ત દરમ્યાન અમદાવાદ શહેર પોલીસના અવસાન પામેલ (કોરોના વોરીયર) પોલીસ કર્મચારીના આશ્રીતને સરકારશ્રીએ નિયત કરેલ આર્થિક સહાય મુજબ મે.પોલીસ કમિશનરશ્રીના હસ્તે રૂ.૨૫,૦૦,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ લાખ)ની રકમનો ચેક તથા પોલીસ વેલ્ફેર ફંડમાંથી રૂ.૧,૦૦,૦૦૦/- (એંકે રૂપિયા એક લાખ)ની રકમનો ચેક અર્પણ.

અમદાવાદ શહેરમાં કોરોના વાયરસ નિયંત્રણ સંક્રમણ સંદર્ભમાં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ લોકડાઉનની ચુસ્તપણે અમલવારી થાય તે માટે શહેર પોલીસ દ્વારા સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ આ દરમ્યાન સદર બંદોબસ્તમાં રોકાયેલ મર્હુમ અનાર્મ મસઈ ગીરીશકુમાર અંબાલાલ બારોટ, રહે, એ/૨, ગુજરાત હાઉસીંગ બોર્ડ, રાયપુર મીલ ચારરસ્તા, સરસપુર, શહેરકોટડા અમદાવાદ, નોકરી-કૃષ્ણનગર પો.સ્ટે, અમદાવાદ શહેર નાઓને કોરોના સંક્રમણ થતાં કોરોના સામેની લડતમાં દુ:ખદ અવસાન થયેલ. આ સબંધે તાજેતરના સરકારશ્રી દ્વારા કોરોના વાયરસના કારણે મરણ જનાર કર્મચારી માટે નિયત કરેલ આર્થિક સહાય રૂ.૨૫,૦૦,૦૦૦/-ની ફાળવણી થતાં આજરોજ તા.૨૦/૦૬/૨૦૨૦ના રોજ મર્હુમ કર્મચારીના કાયદેસરના વારસદાર તેઓના ધર્મ પત્ની શ્રીમતી સોનલબેન ગીરીશકુમાર બારોટનાઓને પોલીસ કમિશનરની કચેરી ખાતે સન્માન પુર્વક પોલીસ કમિશનરશ્રીના હસ્તે રૂ.૨૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ લાખ)ની રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો. તથા પોલીસ વેલ્ફેર ફંડમાંથી રૂ.૧,૦૦,૦૦૦/- (એંકે રૂપિયા એક લાખ) નો ચેક પણ અર્પણ કરવામાં આવ્યો.



# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કારંજ પોલીસ સ્ટેશન :-

## વટવા પો.સ્ટે.ના વ્હિકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી કારંજ પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝન નાઓએ મિલ્કત સબંધી/વાહન ચોરી ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ સિનીયર પો.ઇન્સ.શ્રી એફ.એમ.નાયબ સાહેબ તથા પો.ઇન્સ. શ્રી એમ.એ.તળપદા સા.ના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ આર.આર.ગરચર નાઓની સુચના મુજબ અ.હે.કો. ગણપતભાઇ અમરાભાઇ બ.નં.૩૬૦૩ તથા અ.હે.કો. બાબુભાઇ હોથાભાઇ બ.નં.૮૮૪૧ તથા પો.કો કલ્પેશભાઇ ભેમજીભાઇ બ.નં.૬૨૯૧ તથા પો.કો ગોપાલભાઇ રમેશભાઇ બ.નં.૯૫૦૨ તથા પો.કો પંકજભાઇ ચેલાભાઇ બ.નં ૪૬૭૭ તથા અ.લો.ર દિનેશભાઇ હેમાજી બ.નં.૧૨૫૫૭ તથા અ.લો.ર દિનેશભાઇ વજાભાઇ બ.નં.૧૧૯૦૬ નાઓ સાથે પેટ્રોલીંગ દરમ્યાન સાથેના પો.કો કલ્પેશભાઇ ભેમજીભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપીઓનામે નં.(૧) મો.રાસીદ ઉર્ફે કલેજા S/O રફીકભાઇ જાતે-અંસારી ઉં.વ.૨૨ રહે, મ.નં.૧/૦૭ સલાટ નગર અંબીકામીલ ગોમતીપુર અમદાવાદ શહેર તથા નં.(૨) મો.આસિફ S/O મો.યુસુફ જાતે-શેખ ઉં.વ.૨૧ રહે, મ.નં.૯૩૨ બ્લોક ૩૦ સંતોષનગર ચારમાળીયા બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ નાની પાસેથી એક સિલ્વર કલરનું એક્સેસ નંબર GJ-27-CJ-7865નું કિં.રૂ.૩૫,૦૦૦/-ની મત્તાનું CRPC કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીને CRPC કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક નહી કરી વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.ન.૫૮૫/૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**પકડાયેલ આરોપીનો પુર્વ ઇતિહાસ :-** આરોપી નં.(૧) મો.રાસીદ ઉર્ફે કલેજા S/O રફીકભાઇ જાતે-અંસારીનો ગુનાહીત ઇતિહાસ (૧) એલીસબ્રિજ પો.સ્ટે. ૧૧૧૯૧૦૧૪૨૦૦૦૭૬/૨૦૨૦ IPC કલમ ૩૭૯ (એક્ટીવા ચોરી) (૨) વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૩૮/૨૦૧૭ IPC કલમ ૩૮૦,૪૫૭,૪૯૪ (ઘરફોડ ચોરી) (૩) કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૯૭/૨૦૧૭ IPC કલમ ૩૭૯ (મો.સા. ચોરી) (૪) મણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૨૭/૨૦૧૮ IPC કલમ ૩૭૯ (મોબાઇલ ચોરી) (૫) બે વખત પાસા થયેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ખોખરા પોલીસ સ્ટેશનઃ-**

## છેલ્લા ત્રણ વર્ષથી ખોખરા પોલીસ સ્ટેશના સે.ગુ.ર.નં.૩૦૫૯/૨૦૧૭ ઇપીકો કલમ ૨૯૪(ખ),૫૦૬(૧),૫૦૭,૧૧૪ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપીને પકડી પાડતો સર્વેલન્સ સ્ક્વોડ ખોખરા પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી,તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્રનરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી ‘આઇ’ ડીવીઝન અમદાવાદ શહેરનાઓદ્વારા નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓ કેશો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત નાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.આર.એન.ચુડાસમા તથા એ.એસ.આઇ મહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા પો.કો.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા લો.ર.વિજયસિંહ રતનસંગ બ.નં.૧૧૯૦૮ તથા લો.ર..સંજયભાઇ મેહુરભાઇ બ.નં.૯૮૬ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સેવન-ડે બ્રીજના ઉત્તરના છેડે મેલડીમાતાજીના મંદિરની બાજુમા આવતા લો.ર.સંજયભાઇ મેહુરભાઇ બ.નં.૯૮૬ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ નાઓને મળેલ સંયુકત અને ચોક્કસ બાતમી હકિકત આધારે ખોખરા પોલીસ સ્ટેશના સે.ગુ.ર.નં.૩૦૫૯ /૨૦૧૭ ઇપીકો કલમ ૨૯૪(ખ),૫૦૬(૧),૫૦૭,૧૧૪ મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી મહેશભાઇ સોમાભાઇ રબારી ઉ.વ.૩૦ રહે.મ.નં.૦૪ પ્રભુસાગર ફલેટ મહીસાગર સોસાયટીની બાજુમા હરીપુરા ખોખરા અમદાવાદ શહેરનાઓને આજરોજ તા.૧૯/૦૬/૨૦૨૦ ના કલાક-૧૮/૧૫ વાગે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



# હથિયારોની લે વેચ કરતા આરોપીઓની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## ગેરકાયદેસરના હથિયારોની લે વેચ કરતા પાંચ આરોપીઓને દેશી પિસ્ટલ નંગ-૧ તથા દેશી તમંચા નંગ-૨ તથા નાની મોટી સાઈઝના કારતુસ નંગ-૨૦ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ સઘન પેટ્રોલીંગ તેમજ ચેકીંગ હાથ ધરવા સારૂ ખાસ પોલીસ કમિશ્નર શ્રી, અજયકુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ સુચના આપતા જે અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પો.ઈન્સ. શ્રી એન.આર. બ્રહ્મભટ્ટ નાઓની સુચના આધારે પો.સ.ઈ. શ્રી જે.ડી.બારોટ તથા પો.સ.ઈ. શ્રી વી.એન. ભરવાડ તથા સ્કોડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ઘોડાસર વિસ્તારમાં આવકાર હોલ તથા મ્યુનિ. કોર્પોરેશના ગાર્ડનની વચ્ચે આવેલ અવાવરૂ રસ્તા ઉપરથી (૧) વિજય સ/ઓ દત્તુરામ સુરેશભાઈ પવાર ઉ.વ. ૨૮ (૨) રાહુલ @ તોતો સ/ઓ હેમંતભાઈ દુદાભાઈ કુંભાર (પ્રજાપતી) ઉ.વ. ૨૨ (૩) મનિષ સ/ઓ વસંતરાવ દશરથરાવ ઢોમસે (મરાઠી) ઉ.વ.૪૫ (૪) બ્રીજેશ ઉર્ફે ભીંડી S/O બલીરામ હુકમસીગ કુશવાહ ઉ.વ.૨૨ તથા (૫) જતીન @ પિન્ટુ સ/ઓ વિજયભાઈ ચંપકલાલ શાહ ઉ.વ. ૪૫ નાઓને પકડી તેઓની પાસેથી હાથ બનાવટની પિસ્ટલ નંગ – ૧ તથા દેશી તમંચા નંગ-૨ તથા નાની સાઈઝના કારતુસ નંગ –૨૦ તથા મોબાઈલ ફોન નંગ – ૩ મળી કુલ કિ.રૂ. ૧૮,૫૦૦/- નો મુદામાલ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓ પાસેથી મળી આવેલ ગેરકાયદેસર હથિયાર તથા કારતુસો બાબતે પુછપરછ કરતા હકીકત જાણવા મળેલ કે આ તમામ આરોપીઓ અગાઉ શરીર સબંધી ગુન્હાઓમા પકડાયેલ છે, અને તેઓની અન્ય ઈસમો સાથે દુશ્મનાવટ ચાલતી હોય જેના કારણે આ તમામે એમ.પી. ખાતેથી હથિયારો મંગાવેલ હતા, અને પોતાની પાસે રાખતા હતા.

## -: આરોપીઓનો ગુન્હાહિત ઈતિહાસ :-

(૧) વિજય સ/ઓ દત્તુરામ સુરેશભાઈ પવાર અગાઉ મારામારી તેમજ દેશી દારૂ વેચવાના કેસોમાં પકડાયેલ છે, (૨) રાહુલ @ તોતો સ/ઓ હેમંતભાઈ દુદાભાઈ કુંભાર અગાઉ ખુનના ગુન્હામાં પકડાયેલ છે,(૩) મનિષ સ/ઓ વસંતરાવ દશરથરાવ ઢોમસે (મરાઠી) નાનો પણ અગાઉ મારામારીના ગુન્હામાં તેમજ સટ્ટાના ગુન્હામાં પકડાયેલ છે, (૪) બ્રીજેશ ઉર્ફે ભીંડી S/O બલીરામ હુકમસીગ કુશવાહ અગાઉ રાયોટીંગ તેમજ મારામારીના ગુન્હામાં પકડાયેલ છે, (૫) જતીન @ પિન્ટુ સ/ઓ વિજયભાઈ ચંપકલાલ શાહનાનો સટ્ટો રમાડવાના ગુન્હામાં પકડાયેલ છે.

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા -

## "ભારતીય બનાવટની પરપ્રાંતીય વિદેશી દારુની બોટલો નંગ ૮૪ કી.રૂ. ૩૩,૬૦૦ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે ૨,૩૯,૩૧૦/ રુપિયાના મુદામાલ સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા તેમજ અમદાવાદ શહેરમા આંતર રાજ્યમાથી પોલીસની ચોરી છુપીથી નાના મોટા વાહનોમા ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશીદારુનો જથ્થો ભરી લાવતા હોય તેવા ઈસમો અંગે વોચ ગોઠવી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૨૦.૦૬.૨૦૨૦ ના રોજ પીસીબીના સ્ટાફના એએસઆઈ ધનરાજસિંહ માનસિંહ, એએસઆઈ જશવંતસિંહ બળદેવસિંહ, અહેકો મહેન્દ્ર વાસુદેવ, અહેકો દિલીપસિંહ પૃથ્વીસિંહ, અહેકો નરેન્દ્રસિહ કચરાજી, પોકો મુકેશકુમાર ગોવિંદભાઈ, અપોકો દશરથસિંહ રણુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મહેન્દ્ર વાસુદેવ તથા પોકો મુકેશકુમાર ગોવિંદભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે ઈંદીરાબ્રીજ સર્કલથી કોતરપુર નોબલનગર તરફ જતા આશ્રય બગલોઝ ગેટ ન.૩ સામે સ્પીડ બ્રેકર પાસે હુંડાઈ ગેટસ ગાડી નંબર GJ-01-HM-7499 ને પીછો કરી કારચાલકને ભારતીય બનાવટના વિદેશી દારુનો જથ્થા સાથે પકડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી એરપોર્ટ પોસ્ટે ખાતે ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## પકડાયેલ આરોપી :

(૧) ધવલસિંહ અજીતસિંહ ચાવડા ઉ.વ.૨૩ રહેવાસી-૧૦૯ શાહીબાગ સોસાયટી આશાભાઈની ચાલી મોહનસિનેમા ની સામે અસારવા અમદાવાદ

## વોન્ટેડ આરોપીઓ:

(૧) ધવલસિંહ ઉર્ફે લોલી જાતે સોલંકી રહે.ગુ.હ.બોર્ડના મકન ચમનપુરા અમદાવાદ તથા મ.ન. ૧૦૯ શાહીબાગ સોસાયટી આશાભાઈની ચાલી મોહનસિનેમા ની સામે અસારવા અમદાવાદ

(૨) સુજલ ભાઈ મારવાડી રહે.ખેડબ્રહ્મા

(૩) જયમીન ઉર્ફે નુડલ્સ રહે.આશ્રય ૯ન્યુ રાણીપ અમદવાદ

## ગુનાની જગ્યા :

ઈંદીરાબ્રીજ સર્કલથી કોતરપુર નોબલનગર તરફ જતા આશ્રય બગલોઝ ગેટ ન.૩ સામે સ્પીડ બ્રેકર પાસે જાહેર રોડ ઉપર

**<u>પકડાયેલ મુદામાલ</u> :**

(૧) ભારતીય બનાવટની વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડ્ની બોટલ નંગ ૮૪ કિ.રૂ. ૩૩,૬૦૦/-

(૨) મોબાઇલ ફોન નંગ ૧ કિ. ૫,૦૦૦/-

(૩) હુંડાઈ ગેટસ ગાડી નંબર GJ-01-HM-7499 કિ. ૨,૦૦,૦૦૦/-

(૪) રોકડ નાણાં રૂ.૭૧૦/- **<u>કુલ્લે રુપિયા ૨,૩૯,૩૧૦/- નો મુદામાલ</u>**



## ગુના નિવારણ શાખા :-

## "વિદેશીદારુના મોટા જથ્થા સાથે બે આરોપીઓ ને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા ચોરી છુપીથી પ્રોહી/જુગારની પ્રવૃતિ કરતા ઈસમોની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને તા.૧૯.૬.૨૦૨૦ નારોજ પીસીબીના સ્ટાફના માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે " એક ઈસમ નામે દિપેશ રાજુભાઈ જાતે નિમજે મરાઠી ઉવ.૨૮ રહે. ઈ/૨૧ શ્રીગણેશ રેસીડન્સી ઉદય ઓટો લીંક્ની પાછળ કઠવાડા નીકોલ અ.વાદ શહેર નાનો પોતે તથા પોતાના માણસો રાખી પોતાના આર્થીક ફાયદા સારુ નરોડા મઠીયા ગામા જી.આઈ.ડી.સી ઝોનમા આવેલા શિવ એસ્ટેટ તરફ જતા કાચા રોડ ઉપર ઈલે.પોલ નં. 66KV મુઠીયા રીલાયન્સ લેન નં.૬ પાસે લીમડાના ઝાડ પાસે ખુલ્લી જગ્યામાં વિદેશી દારુ નુ વેચાણ કરે છે અને હાલમા વિદેશીદારુ વેચાણની પ્રવૃતિ ચાલુ છે" જે બાતમી હકીકત આધારે ઉપરોકત જણાવેલ જગ્યાએ પંચો સાથે રેઈડ કરતા નીચે જણાવેલ આરોપીને નીચે મુજબના વિદેશીદારુના જથ્થા સાથે પકડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નરોડા પો.સ્ટે. ખાતે ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

### પકડાયેલ આરોપીઓ :

૧. સુભાષચંન્દ્ર શિવરામ જાતે બુલદક જાટ ઉવ.૨૮ રહે. ગામ ખુળ તા.દાતારામ ગઢ જી.સીકર રાજસ્થાન

૨. દિપેશ રાજુભાઈ જાતે નિમજે મરાઠી ઉવ.૨૮ રહે. ઈ/૨૧ શ્રીગણેશ રેસીડન્સી ઉદય ઓટો લીંક્ની પાછળ કઠવાડા નીકોલ અ.વાદ શહેર

### વોન્ટેડ આરોપીઓ:

૧. બીલ્લુભાઈ રહે. રાજસ્થાન

૨. બલવીરા જેનુ પુરુ સરનામુ મળેલ નથી

3. સુરેશ જેનુ પુરુ નામ સરનામુ મળેલ નથી

૪. દેવા તિવારી ઉર્ફે દેવરાજ જેનુ પુરુ નામ સરનામુ મળેલ નથી

### ગુનાની જગ્યા :

નરોડા મઠીયા ગામા જી.આઈ.ડી.સી ઝોનમા આવેલા શિવ એસ્ટેટ તરફ જતા કાચા રોડ ઉપર ઈલે.પોલ નં. 66KV મુઠીયા રીલાયન્સ લેન નં.૬ પાસે લીમડાના ઝાડ પાસે ખુલ્લી જગ્યામાં

## <u>પકડાયેલ મુદામાલ</u> :

(૧) વિદેશી દારુની ૭૫૦ મી.લી ની કઉલા બોટલ ન.૩૨૪ કિ.રુ.૧,૨૯,૬૦૦/

(૨) મોબાઇલ ફોન નંગ ૨ કિ. ૫૫૦૦/-

(૩) અંગ ઝડતીમાંથી મળેલ  રોકડ નાંણા રુ. ૪૩,૨૭૦/-

(૪) બોલેરો પીકઅપ ગાડી નં.આરજે.૩૨.જીબી.૬૩૯૮ ની કિ.રુ. ૪,૫૦,૦૦૦/

(૫) ઓટો રીક્ષા નં.જીજે.૨૭.ડબ્લ્યુ ૩૨૪૦ ની કિ.રુ. ૧,૧૦,૦૦૦/

(૬) પ્લાસ્ટીક ના કેરેટ નં. ૨૭ કિ.રુ.૧૩૫૦/

(૭) ડ્રાઈવીંગ લાયસન્સ નં.૧ કિ.રુ. ૦૦/૦૦

**<u>કુલ્લે રુપિયા ૭,૩૯,૭૨૦/- નો મુદામાલ</u>**




# પાસાના આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ-

## દેશીદારુની હેરાફેરી કરતા પકડાયેલ બે આરોપીઓની પાસામાં અટકાયત કરી સુરત (લાજપોર) મધ્યસ્થ જેલમાં મોકલી આપતી ચાંદખેડા પોલીસ

ચાંદખેડા પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૦૬૩૫/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫(ઇ) ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુનાના કામના આરોપીઓ (૧) અજીતભાઇ નટુભાઇ રાઠોડ ઉ.વ.૩૦ રહે. કન્યાદાનના છાપરા વિસતમાતાનો વાસ ચાંદખેડા ગામ ચાંદખેડા અમદાવાદ તથા (૨) વિરમજી કાળુજી ઠાકોર ઉ.વ.૩૫ રહે. કન્યાદાનના છાપરા વિસતમાતાનો વાસ ચાંદખેડા ગામ ચાંદખેડા અમદાવાદ શહેરમાં પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છોપીથી આઇ.૨૦ ગાડી નં. GJ.01.RW.9650 માં ૧૨૦ લીટર દેશીદારુ કી.રૂ.૨૪૦૦/- નો તથા આઇ.ટી-૨૦ ગાડી મળી કુલ્લે રૂ ૩,૦૨,૪૦૦/-ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તેઓ બંનેની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૩૮૪/૨૦૨૦ તા.૧૯/૦૬/૨૦૨૦ તથા પીસીબી/ડીટીએન/પાસા /૩૮૫/૨૦૨૦ તા.૧૯/૦૬/૨૦૨૦ થી સદરી બંને આરોપીઓને સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી બંને આરોપીઓને આજરોજ તા.૧૯/૦૬/૨૦૨૦ કલાક ૨૦/૪૫ તેમજ ૨૧/૩૦ વાગે વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.





## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૯૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૫૪૯ લીટર દેશી દારૂ, ૪૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૬ કવાટર્સ ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૪ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૯૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી એન પાસા ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૯૮/૨૦૨૦

**ગોમતીપુરઃ** (૧) રીકી કુંદનલાલ પુરાણી (ઉ.વ.૩૦) (રહે. નાનો વણકરવાસ, સોમનાથ મંદીર પાસે રાજપુર ગોમતીપુર) એ તા.૧૯/૦૬/૨૦૨૦ ના ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૫/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ (જેનો મોબાઇલ નંબર નથી) એ રીકી પુરાણીના ફોન ઉપર પોતે બજાજ ફાયનાન્સમાંથી બોલે છે તેમ જણાવી વિશ્વાસમાં લઇ રીકી પુરાણી પાસે ક્વીક સપોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી, રીકી પુરાણીના ડેબીટ કાર્ડના નંબર મેળવી, મેસેજથી લીંક મોકલી ફોર્મ ભરાવી રૂપિયા ૧૦/- બજાજ ફાયનાન્સના હપ્તા ત્રણ મહીના માટે ડીલે કરવા ફી પેટે ભરવાનુ કહી પ્રોસેસ કરાવી રીકી પુરાણીના એસ.બી.આઇ. બેંકના ખાતામાંથી ગૂગલ પે યુ.પી.આઇ. દ્વારા કુલ રૂપિયા ૧૮,૮૪૮/- ઉપાડી અથવા તો ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.બી ટંડેલ ચલાવે છે.

**ગોમતીપુરઃ (૨)** અશોકભાઇ ભાઇલાલભાઇ વાણીયા, (ઉ.વ.૩૧) (રહે. કેશાબલ્લુની ચાલી, નગરી મીલ સામે, ગોમતીપુર,) એ તા.૧૯/૦૬/૨૦૨૦ ના ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૫/૨૦૨૦ ના કલાક ૧૧/૩૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૯૪૩૩૬૩૩૮૩૬ ના ધારકે આઇ.સી.આઇ.સી.આઇ. બેંકના ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેંટ માંથી વાત કરૂ છુ તેમ કહી કોવીડ-૧૯ની બીમારી હોવાથી ડોક્યુમેંટ વેરીફીકેશન વગર ઓનલાઇન વર્ચ્યુઅલ ક્રેડીટ કાર્ડ કાઢી આપશે તેવુ જણાવી મને વિશ્વાસમાં લઇ અશોકભાઇ વાણીયા પાસે થી નેટ બેંકીંગનો યુસર આઇડી તથા મારા ડેબીટ કાર્ડના પાછળ લખેલ આંકાળાઓ તથા મોબાઇલ નંબર ઉપર આવેલ ઓ.ટી.પી. કોડ મેળવી, અશોકભાઇ વાણીયાના આઇ.સી.આઇ.સી.આઇ. બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧૩,૦૦૦/- ઓનલાઇન ઉપાડી અથવા ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.બી ટંડેલ ચલાવે છે.

**અમરાઇવાડી** : જીનલકુમાર જયંતીભાઇ પટેલ (ઉ.વ.૩૧)(રહે,જાગ્રુતિ સોસાયટી જોગેશ્વરી પાર્ક સામે અમરાઇવાડી) એ તા.૧૯/૦૬/૨૦૨૦ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૦ સાંજના ૦૫/૦૦ થી ૦૭/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી મોબાઇલ નંબર ૮૧૬૭૮૬૮૪૪૪૧ ના ધારકે જીનલકુમારના મોબાઇલ ઉપર ફોન કરી જીનલકુમારનું ફોન પે એપ્લીકેશન ચાલુ છે તેમ કહી તેનો ઉપયોગ કરવાનુ કહી વિશ્વાસમાં લઈ ઇંડીયન બેંક દક્ષિણી મણીનગર બ્રાંચના ખાતામાંથી રૂપિયા ૯૯૯૮/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઈ.શ્રી એમ.પી.પઠાણ ચલાવે છે.

**રખીયાલ** : મહેશકુમાર કાંતિલાલ પરમાર (ઉ.વ.૩૩)(રહે.રાજીવનગર જનરલ હોસ્પીટલની બાજુમાં રખિયાલ) એ તા.૧૯/૦૬/૨૦૨૦ નારોજ રખીયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે મહેશકુમારના મોબાઇલ ઉપર મોબાઇલ નંબર ૯૫૨૩૨૬૫૮૧૫ ના ધારકે પોતે દેના બેંક અમદાવાદના મેનેજર બોલું છુ. અને તમારુ ATM બંધ થઇ ગયેલ છે જેથી તમારા ATM પરના નંબર જણાવવા કહેતા મહેશકુમારે પોતાના ATM નંબર જણાવતા મોબાઇલ ફોનમાં આવેલ OTP નંબર મેળવી લઇ મહેશકુમારના બેંક ખાતામાંથી રૂપિયા ૧,૨૦,૬૯૭/- ઓનલાઇન ઉપાડી અથવા ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એલ.ખરાડી ચલાવે છે.

**ઓઢવ** : **(૧)** અમીતભાઇ વસંતભાઇ રાવળ, (ઉ.વ.૩૬)(રહે.અંબિકાનગર સોસાયટી, ઓઢવ) એ તા.૧૯/૦૬/૨૦૨૦ ના ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૦ થી તા.૧૨/૦૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ અમીતભાઇના ખાતામાંથી એટીએમ મારફતે ઓનલાઇન રૂપિયા ૮૦,૦૦૦/- ઉપાડી અથવા ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે

**ઓઢવ** : (૨) ધીરૂભાઈ ભગાભાઈ પટેલ (ઉ.વ.૩૫)(રહે.સરર્ફેસ પેરેડાઈસ તક્ષશીલા સ્કુલ રોડ ભાથીજીના મંદિર પાસે ઓઢવ) એ તા.૧૯/૦૬/૨૦૨૦ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૦ સાંજના ૦૫/૦૦ વાગ્યાના સુમારે આરોપી મોબાઇલ નંબર ૯૦૯૯૧૪૧૫૮૯ ના ધારકે પોતાનું નામ નયનભાઈ શાહ જણાવી વિશ્વાસમા લઈ ધીરૂભાઇ પટેલને ક્રેડીટ કાર્ડથી લોન કરાવી આપવાની લોભામણી લાલસ આપી ધીરૂભાઇ પટેલને બજાજ ફાઈનાન્સનુ ૨૦૩૦૧૦૦૧૩૮૪૩૬૫૯૯ નંબરવાળા તથા બજાજ ફાઈનાન્સનુ આર.બી. એલ. કાર્ડ ૫૨૫૬૧૧૮૮૦૫૫૦૯૧૮૯ નંબરવાળા તથા એકસીસ બેંકના ક્રેડીટ કાર્ડ ૪૬૪૧૧૮૦૦૧૨૪૫૭૭૪૦ નંબરવાળા ત્રણેય કાર્ડના ફોટા પાડી ધીરૂભાઇ પટેલ પાસેથી ઓ. ટી. પી. નંબર મેળવી ધીરૂભાઇ પટેલના ક્રેડીટ કાર્ડથી અલગ અલગ તારીખ અને સમયે ધીરૂભાઇ પટેલના ક્રેડીટ કાર્ડથી રૂપિયા ૧,૮૦,૦૦૦/-ની ઓનલાઈન ખરીદી કરી રૂપિયા ૩૭૭૭/- ધીરૂભાઇ પટેલના બજાજ ફાઈનાન્સના ૨૦૩૦૧૦૦૧૩૮૪૩૬૫૯૯ નંબરવાળા કાર્ડમા જમા કરાવી બાકીના નાણા રૂપિયા ૧,૭૬,૨૨૩/- જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે.

**નિકોલ** : કૃણાલ નીતીનભાઇ પંચાલ (ઉ.વ.૨૬)(રહે.ગેલેકસી કોરલ, માધવ હોમ્સની બાજુમાં, વસ્ત્રાલ) એ તા.૧૯/૦૬/૨૦૨૦ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૫/૨૦૨૦ બપોરના ૦૩/૦૦ વાગ્યાના સુમારે આરોપી મોબાઇલ નંબર ૭૯૭૯૮૫૫૬૫૫ ના ધારક સમીરભાઇ તથા ક્રીષ લાઇફકેર પ્રાઇવેટ લીમીટેડ ઓથોરાઇઝ પર્સન ચંદન મીશ્રા (રહે.મોતીહારી બિહાર) એ મોબાઇલ ઉપર સંપર્ક કરી 'ક્રિષ્ણગમ હેલ્થ કેર'' એ/૧૦૫,નીલકંઠ આર્કેડ,ભાગ્યોરદય હોટલ પાસે,કઠલાલ હાઇવે, ખાતેથી થર્મલ ગન વેચાણ લેવી છે જેવો પરીચય આપી એક ગનના રૂપિયા ૧૩૦૦/- તથા ૧૮% જી એસ.ટી. નો ભાવ નક્કી કરી કુલ ૪૦૦ થર્મલ ગનનો ઓર્ડર આપી ૩૦% એડવાન્સ પેમેન્ટ આપવુ પડશે એમ કહી રૂપિયા ૨,૦૦,૦૦૦/- મેળવી લઇ માલ ટ્રાન્સપોર્ટમાં મોકલી આપવાનું જણાવી આજદીન સુધી નહિ મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

**રામોલ** : (૧) રમેશભાઈ નરશીભાઈ પટેલ (ઉ.વ.૫૧)(રહે.નર નારાયણ સોસાયટી નીલકંઠ પાસે મહાદેવનગર રામોલ) એ તા.૧૯/૦૬/૨૦૨૦ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૦ સાંજના ૦૫/૪૫ વાગ્યાના સુમારે આરોપી મોબાઇલ નંબર ૮૩૯૧૮૮૩૯૫૫ ના ધારકે રમેશભાઇના મોબાઇલ ઉપર ફોન કરી ફોન પે માંથી વાત કરતા હોવાનું જણાવી રમેશભાઇને રૂપિયા ૫૦૦૦/- કેશ બેક મળેલ હોવાનુ કહી રમેશભાઇને વિશ્વાસમાં લઇ રમેશભાઇના ખાતામાંથી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**રામોલ** : **(૨)** ગોવિંદકુમાર ચંદુલાલ નાઈ (ઉ.વ.૩૧)(રહે.સરોવર-૪ ફ્લેટ વસ્ત્રાલ રામોલ) એ તા.૧૯/૦૬/૨૦૨૦ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગોવિંદકુમારે એક્ષીસબેંકના બચતખાતામાંથી એસ.બી.આઈ બેંકના ખાતામાં રૂપિયા ૧૦૦૦/- અમેઝોન એપ્લીકેશન દ્વારા ટ્રાન્સફર કરેલ તે વખતે એક્ષીસ બેંકના ખાતામાંથી પૈસા કપાઈ ગયેલ પરંતુ એસબીઆઈ બેંકના ખાતામાં જમા થયેલ નહી જેથી ગોવિંદકુમારે તા.૧૪/૦૬/૨૦૨૦ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે અમેઝોન કસ્ટમર કેર નંબર ૬૨૦૬૪૦૧૧૭૧ ઉપર કોલ કરતા મોબાઇલ નંબર ૬૨૦૬૪૦૧૧૭૧ ના ધારકે દસ મીનીટમાં પરત કરવાનો વિશ્વાસ આપી ફોન કાપી નાખ્યો હતો દરમ્યાન ગોવિંદકુમારના ખાતામાંથી રૂપિયા ૫૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**રામોલ** : **(3)** સુરેશભાઇ ધનજીભાઇ જાતે પટેલ (ઉ.વ.૫૦)(રહે.કાશીનાથ પાર્ક સોસાયટી, સાઇધામ સોસાયટી સામે, વસ્ત્રાલ) એ તા.૧૯/૦૬/૨૦૨૦ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૨૦૧૯ બપોરના ૦૪/૪૫ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૦૨૯૨૦૯૭૭૮ ના ધારકે સુરેશભાઇ પટેલને ફોન કરી વિશ્વાસમાં લઇ સુરેશભાઇના ખાતામાંથી રૂપિયા ૯૯,૯૯૫/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૯૯/૨૦૨૦**

**કાગડાપીઠઃ** ઇમાનુએલ વિલયમભાઇ જાની (ઉ.વ.૭૨) (રહે. ક્રીશ્યન કોલોની, બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૧૯/૦૬/૨૦૨૦ સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોનાનો નેકલેસ, સોનાની ચેઈન નંગ-૨, સોનાની નાની-મોટી વિંટી નંગ-૭ તથા મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૩૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૦/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** ડો.પરેશકુમાર નટરવરલાલ અખાણી (રહે. સોલીટેર ઓફ સાઇન્સ સીટી રોડ સોલા) એ તા.૧૯/૦૬/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ડો.પરેશકુમાર અખાણીની વસ્ત્રાપુર ડ્રાઈવીંગ સીનેમા રોડ યોગી કોમ્પ્લેક્ષના ત્રીજા માળે આવેલ ઓફીસ ખાતે કામ કરતો આરોપી અલ્પેશ શ્રવણજી ઠાકોર (રહે. બાયવાડા તા-ડીસા જી-બનાસકાઠા) તા.૧૦/૦૬/૨૦૨૦ કલાક ૯/૪૫ થી સાજના ૭/૩૦ વાગ્યા પહેલા ગાડીમાંથી ઓફીસે થેલો લઈ જતી વખતે રસ્તામા કે દિવસ દરમ્યાન થેલામાથી રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૧/૨૦૨૦**

**મેઘાણીનગરઃ** દામીનીબહેન વા/ઓફ નિર્મલકુમાર કેવલાની (ઉ.વ.૩૫) (રહે. મહાદેવનગર માયા સિનેમા પાછળ કુબેરનગર) તા.૧૯/૦૬/૨૦૨૦ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે મેઘાણીનગર ગ્લોબલ સ્કુલ સામે ભાર્ગવ રોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દામીનીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દામીનીબહેને મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.સિંધવ ચલાવે છે.

**શેડ પરથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૨/૨૦૨૦**

**બાપુનગરઃ** મહંમદસઇદ શરફુદ્દીન સૈયદ (ઉ.વ.૪૫) (રહે. સૂવા પંખીની ચાલી ઉષા ટોકીઝ રોડ ગોમતીપુર) તા.૧૯/૦૬/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા બાપુનગર પુષ્પક એસ્ટેટની આગળ અજીત મીલ બી.ટી.આઈ ટેક્ષ પ્રા.લી.કંપની ખાતે કંપનીના શેડ પર શેડ રીપેરીંગનું કામ કરતા હતા ત્યારે ૨૫ થી ૩૦ ફુટ ઉંચા પતરાના શેડ પરથી પગ લપસી જતા પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૩/૨૦૨૦**

**નરોડાઃ** ઇન્દ્રવદનભાઇ રમણલાલ બારોટ (ઉ.વ.૨૫) (રહે. સૌરાષ્ટ્રનગર સોસાયટી કુમાર શાળા રોડ ગાયત્રી મંદીરની બાજુમા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૦૬/૨૦૨૦ સવારના ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યોગેશકુમાર શેમ્યુલભાઇ ચલાવે છે.

**રખીયાલઃ** અયાન સ/ઓ મુસ્તાકભાઇ ઘાંચી (ઉ.વ.૧૪) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ મોરારજી ચોક પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૬/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખીયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગોપાલસિહ વજેસિહ ચલાવે છે.

**ઓઢવઃ** જયેશ મદનલાલ ખટીક (ઉ.વ.૨૪) (રહે. અરનાથ સોસાયટી પંચદેવ મંદીર પાસે અર્બુદાનગર ઓઢવ) એ અવારનવાર બેંકની પરિક્ષા આપવા છતા નોકરી ન લાગવાના કારણે મનમા લાગી આવતા પોતાની વેદનાની ચિઠ્ઠીમાં લખી તા.૧૯/૦૬/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સંજયકુમાર શીતલાપ્રસાદ ચલાવે છે.

**નારોલઃ** વિશાલ સન/ઓ અનિલ ગુપ્તા (ઉ.વ.૧૬) (રહે. શ્યામનગર રામાપીરના મંદીર પાસે સૈજપુર-ગોપાલપુર ગામ નારોલ) એ અગમ્ય કરણસર તા.૧૮/૦૬/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લોખંડના પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી